**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૬ ટકા

# સાવધાન : શહેરના માર્ગો પરની તુટેલી ગટરો અકસ્માત સર્જશે

## ગ-૩ નજીક રોડની વચ્ચોવચ તુટેલી ગટર તંત્રને નજરે પડતી નથી : ટુ વ્હીલર ચાલકોને વિશેષ ખતરો





ગાંધીનગર, તા.૨૯

શહેરના ગ-૩ સર્કલ પાસેના માર્ગ ઉપર ગટર તુટી જવાના કારણે ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. માર્ગ ઉપરથી અવરજવર કરતાં વાહનોને નજર રહે તે માટે આ ગટર પર કોઈ જાગૃત નાગરિક દ્વારા વૃક્ષની ડાળી મુકવામાં આવી છે. પરંતુ રાત્રી દરમિયાન આ માર્ગ ઉપરથી પસાર થવું ગંભીર અકસ્માત નોતરી શકે તેમ છે. ગાંધીનગરમાં અનેક જગ્યાએ ગટરની ખુલ્લી ચેમ્બરો લોકો અને અબોલ જીવો માટે યમદૂત સમાન છે. અનેક વખત ખુલ્લી ચેમ્બરો અને ગટરોના ઢાંકણ તુટવાથી ગૌવંશ ફસાઈ જવાના બનાવો પણ બન્યા છે. પરંતુ નિભર તંત્ર આ અંગે કોઈ યોગ્ય ઉકેલ ન લાવતું હોવાનું જગજાહેર છે. ગૌવંશ પડવાથી અમુકના મોત પણ થયા છે તો અનેકને જીવદયાપ્રેમીઓએ બચાવી લીધા છે. આવી ખુલ્લી ચેમ્બરોમાં અનેક પગપાળા જતાં લોકો પણ પડયા છે. દ્વિચક્રીય વાહનો પણ ભાંગ્યા છે. તેમજ અનેક વખત કાર સહીતના વાહનો ફસાઈ જતાં તેવા વાહનોને માંડ બહાર કાઢવામાં આવતા હોય છે. તુટેલી ચેમ્બર સરખી નહીં કરાય તો કોઈના વ્હાલસોયાનો જીવ જશે તેવી ભીંતી લોકોએ વ્યક્ત કરી હતી. પુરતા પ્રમાણમાં સિમેન્ટનો ઉપયોગ કે સળીયાનો ઉપયોગ ન કરાયો હોય તેવા દ્રશ્ય જોવા મળી રહયા છે. લાખો કરોડોના ખર્ચે બનેલા માર્ગો પર કોન્ટ્રાકટરોની બેદરકારી તેમજ હલકી ગુણવત્તાવાળા મટીરીયલ વાપરવાના કારણે ગટરોની ચેમ્બર તુટી રહી છે અને પ્રજાના પૈસા પાણીમાં જાય છે. શહેરમાં ભુગર્ભ ગટર લાઈનના ઢાંકણ મટી જવાના કારણે રાહદારીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. તાજેતરમાં ચૂંટણીનો માહોલ છે તેવામાં આ ભ્રષ્ટાચારી વલણ દ્રશ્યમાન થઈ રહયું છે. એક તરફ નગરજનોએ નગરનો વિકાસ કરશે તેમ માનીને ભારે ખોબલે ખોબલે મત આપી ભાજપની પાંખને ચૂંટી છે પરંતુ શહેરમાં માર્ગો પર ગટરોની સમસ્યાઓનું નિવારણ કોઈ લાવી શકયું નથી. જેના પગલે નગરજનોમાં રોષ ફેલાયો છે. સરકાર તરફથી સમયે સમયે મનપાના વિકાસ માટે વિવિધ ગ્રાન્ટો ફળવાય છે અને રાજય સરકાર દ્વારા વિકાસના ગાણાં ગવાય છે ત્યારે આ દ્રશ્યો વિકાસની પોલ ખોલી દેવા માટે ઉત્તમ ઉદાહરણ ગણી શકાય છે. શહેરમાં ગટરોના ઢાંકણ તુટેલી હાલતમાં કેટલાય દિવસથી છે જેની મરામત કરવા માટે કોઈ તંત્ર જવાબદારી લઈ રહયું નથી.


**જન્મદિને વધામણી**



યેશા કિરીટભાઈ સોની



હિતેશકુમાર કુવરજી પટેલ
મો. ૯૩૭૪૦ ૦૫૫૨૭



કૌશિક જયદેવભાઈ ભટ્ટ
ટ્રસ્ટી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ
અને રોડક્રોસ સોસાયટી
મો. ૯૦૧૬૫ ૫૪૮૫૫



અંબાલાલ એસ. પરમાર

**ચિરવિદાય**

● મુકિતધામ ●

● સ્વ.કુકડીયા રમેશકુમાર બાબુલાલ ઉ.વ.૫૦, વાવોલ

# એસ. કે. ઈગ્લીસ મીડીયમ સ્કુલમાં જંગલ-ડે સેલિબ્રેશન



ગાંધીનગર, તા.૨૯

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં જંગલ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યુ, જેમાં શિક્ષિકો જંગલની જીવન શૈલી વિશે સમજાવ્યું હતું અને નાના ભૂલકાં અલગ અલગ વેશભૂષા ધારણ કરીને અને પોતાના ઘરને જંગલ જેવું સજાવીને સ્કૂલનાં ગ્રુપમાં ફોટાઓ મોકલ્યા હતાં.

# આર.એન.પ્રાયમરી સ્કુલ દ્વારા પ્રવાસ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૯

આર.એન પટેલ પ્રાથમિક શાળામાંથી સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ-૧ અને ૨ના ૧૯૦ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. ઈન્દ્રોડા પાર્કના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને પ્રાણી-પક્ષીની સ્વચ્છતા અને જાળવણીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોએ ડાયનાસોરના જીવાવશેષ કુતુહલતાપૂર્વક નિહાળ્યા હતા. વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહપૂર્વક કુદરતી વાતાવરણનો આનંદ માણ્યો હતો. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણની જાળવણી તથા સ્વચ્છતા લક્ષી પાઠ શીખવા મળ્યો હતો.

# સરગાસણની ડિવાઈન જુનિયર પ્રીસ્કુલમાં પિકનિકનું આયોજન



સરગાસણ ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રીસ્કુલ માંથી શૈક્ષણિક પ્રવાસ નું આયોજન ઈન્દ્રોડા પાર્ક ખાતે કરવામાં આવેલ હતું. જેમાં પ્લેગ્રુપ અને નર્સરીના બાળકો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકો એ ઈન્દ્રોડા પાર્ક માં વિવિધ પ્રાણીઓ તથા પક્ષીઓ નિહાળ્યા હતા. આ પિકનિક ના આયોજન માં શ્રીમતી ટ્વિંકલ નારિયા, શ્રીમતી કેયૂરી ભાવસાર, શ્રીમતી ક્રીમા દોશી અને કુમારી તન્વી કોરડીઆ એ ખુબજ જવાબદારી પૂર્વક કામકાજ કરેલ હતું. આ પ્રમાણે ડિવાઈન જુનિયર ના સ્થાપક શ્રીમતી ગીરા ચૌધરી અવનવા કાર્યક્રમો યોજીને બાળકો નો સર્વાંગી વિકાસ કરી રહ્યા છે.

# ડૉ. કનૈયાલાલ ભટ્ટના અધ્યક્ષ સ્થાને પુસ્તક વિમોચન અને કાવ્યપાઠ

ગાંધીનગર, તા.૨૯

જમ્મુ કશ્મીરમાં હિંદી ભાષા અને સાહિત્યના પ્રચાર પ્રસારમાં છેલ્લા કેટલાંક વર્ષોથી કાર્યરત સંસ્થા યુવા હિંદી લેખક મંચ – જમ્મુ દ્વારા રાજકીય મહિલા મહાવિદ્યાલય, જમ્મુ મુકામે તા. ૨૭,નવેમ્બર,૨૦૨૨ના રોજ ગાંધીનગરના સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટના અધ્યક્ષ સ્થાને ગ્રંથ લોકાર્પણ સમારોહ અને કાવ્યપાઠ સમારોહ યોજાઈ ગયા. આ ગ્રંથ લોકાર્પણ સમારોહમાં આરંભે સંસ્થાના એ મહાનુભાવોનું સ્વાગત કર્યું. પ્રાસંગિક વકતવ્ય શેખ મોહમ્મદ કલ્યાણે આપ્યું. જમ્મૂના



જાણીતા કવિ અને વિવેચક શ્રી અશોક કુમાર રચિત વિવેચન સંગ્રહ "જમ્મૂ કશ્મીર કી હિંદી કવિતા – ભાગ – ૩ " ગ્રંથનું લોકાર્પણ ડૉ. કનૈયાલાલ ભટ્ટઅનેપ્રો. નીલમ સરાફ, દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે અશોકકુમારે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે મારો એ પ્રયત્ન રહેશે કે જમ્મુ કશ્મીરના હિંદી સર્જકોની કૃતિઓને રાજય બહાર પહોંચાડવી અને તેમના કામને લોકો સુધી લઈ જવું. આ પ્રસંગે ડૉ. કનૈયાલાલ ભટ્ટે જમ્મુમાં થતી હિંદી સાહિત્યિક પ્રવૃત્તિઓ અને હિંદી કવિ લેખકોના પ્રદાનને ભારતીય સાહિત્યના સંદર્ભે મૂલવીને કહ્યું હતું કે આવા વિવેચનાત્મક પુસ્તકોનું મૂલ્ય આવનારા સમયમાં જ નક્કી થતું હોય છે.



ગાંધીજીના પ્રિય તથા અનુકંપા અને દયાના ગુણો જેમને વારસામાં મળેલા એવા "ઠક્કરબાપા"ના હૂલામણા નામથી જાણીતા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરની ૧૫૩મી જન્મજયંતી નિમીત્તે ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ ડી.એમ.પટેલ સહિત અધિકારી -કર્મચારીઓએ પુષ્પાંજલિ કરીને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની ચિત્ર સ્પધર્ામાં વિજેતા




ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં સેક્ટર-૧૩/એ, ગાંધીનગર ખાતે પ્રયોશા મહિલા વિકાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા મતદાન જાગૃતિના વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની તુલસી ઠાકોર તૃતીય નંબરે વિજેતા થયા હતા અને તેમને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તુલસી ઠાકોરે સ્પર્ધામાં વિજેતા થઈ બોરિજ પ્રાથમિક શાળાનું નામ રોશન કર્યું હતું. સંસ્થાના ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે, આયોજક મિલાપ ટાટારિઆ અને શાળાના આચાર્યએ વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત

# સર્વનેતૃત્વ કાર્યક્રમમાં ૧૨ વર્ષની ગુજરાતનું ગૌરવ એવી આર્ય ચાવડાનું વ્યાખ્યાન

**"દરેક કાર્ય ચાહે તે કેટલું પણ નાનું કેમ ન હોય એ એક શરૂઆત છે. દરેક વ્યક્તિએ પોતાના ધ્યેયને પામવા માટે ક્યારેય પણ પોતે આદરેલા કાર્યોને અધૂરા મુકવા જોઈએ નહીં" : આર્ય ચાવડા**

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વનેતૃત્વ કાર્યક્રમ (૬૪મી બેચમાં) ગેસ્ટ સ્પીકર તરીકે ફકત ૧૨ વર્ષની ઉંમરે અનોખો ઈતિહાસ લખતી, ૮ (આઠ) પુસ્તકોની લેખક, વક્તા, ચિત્રકાર, પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે અનેક પ્રવૃત્તિઓ આદરનાર યોદ્ધા અને આપણા ગુજરાતનું ગૌરવ એવી આર્ય ચાવડા ઉપસ્થિત રહી હતી જ્યાં પોતાના વિચારો અને વિવિધ કાર્યોની વાત કરી ઉપસ્થિત સૌને પ્રેરિત અને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ફકત છ વર્ષની રમવાની ઉંમરથી જ જે બાળકી વંચિત કેન્સરના દર્દીઓના કલ્યાણ માટે અનોખી રીતે આર્થિક સહાય એકત્ર કરવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત બની ચુકી હોય તે આજે ૧૨ વર્ષની ઉંમરે પહોંચતા જ સફળતાના અનેક શિખરો સર કરે તે સ્વાભાવિક છે. પોતે દોરેલા ચિત્રોના પ્રદર્શન થકી જાતે લખેલી કવિતાઓ અને પુસ્તકોના વેચાણ તથા અલગ અલગ સામાજિક વિષય ઉપરના વક્તવ્ય થકી થતી કમાણી વંચિત કેન્સરના દર્દીઓના કલ્યાણ માટે ખર્ચે છે અને નાણાકીય સહાય એકત્ર કરે છે.

સમાજમાં ગાંધીજીના મૂલ્યો અને આદર્શો - શાંતિ, સત્ય, અહિંસા અને સમાનતાના સંદર્ભે પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી, જળવાયુ પરિવર્તન અને આબોહવાની જાળવણી, ગર્લ ચાઈલ્ડ એજયુકેશન તથા બાળકોના મૂળભૂત અધિકાર અને ફરજો જેવા વિષયો માટે સમાજમાં જાગૃતિ લાવવા માટે અથાક પ્રયત્નો આદરનાર આ ૧૨ વર્ષે દીકરીના પુસ્તકનું યુનેસ્કો નવી દિલ્હી તથા યુનાઈટેડ નેશન્સ ઈન્ડિયા દ્વારા સમર્થન અને પ્રકાશન કરવામાં આવ્યું છે. યુનેસ્કો ડિજિટલ લાઈબ્રેરી અને યુનેસ્કો ગ્લોબલ સિટિઝનશીપ એજ્યુકેશન જેવા ડિજિટલ પ્લેટફોર્મ્સ પર પણ આર્યાના પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે. આર્યા અનેક સરકારી અને ખાનગી શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓમાં પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી, જળવાયુ પરિવર્તન આબોહવાની જાળવણી, સસ્ટેનેબલ લિવિંગ-કેરિંગ ફોર કલાઈમેટ જેવા વિષય ઉપર વ્યાખ્યાન આપીને પોતાની જીવવા સભર વિશ્વની સંકલ્પનાને સાકાર કરવા માટે પોતાની ફરજનિષ્ઠા પુરવાર કરી ચૂકી છે. આર્યા છેલ્લા ચાર વર્ષથી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ્સ પર ભારતીય સંસ્કૃતિ અને વારસાના પ્રચાર પ્રસાર હેતુ સંદર્ભે ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે.

નેશનલ એન્વાયરમેન્ટ યુથ ફોરમ ૨૦૨૧ના પર્યાવરણ સરક્ષણ ગતિવિધિ અંતર્ગત આર્યાએ ભારતભરની ૭૫થી વધારે યુનિવર્સિટીઓના, ૩૫૦ થી વધારે કોલેજના, ૨૫૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધેલો અને પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે પ્રોત્સાહિત કર્યા હતા.




સમગ્ર કાર્યક્રમ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ જેમાં સર્વ વિધાલયની ૧૫ કોલેજનાં ૮૦ જેટલા વિધાર્થીઓ અને પૂર્વ તાલીમાર્થીઓ જોડાયા હતા જેનું સફળ સંચાલન અને સંકલન સર્વ નેતૃત્વના સંયોજક ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.